**નવીસેવા વર્ષ–૨૦૧૩–૧૪.**
ડાયરેકટર જનરલ, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ માટે વાહન ખરીદવાની વહીવટી મંજુરી આપવા બાબતે..

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૧૨/૨૧૭૦ /ફ,**
સચિવાલય,ગાંધીનગર,
તારીખ : ૪/૦૪/૨૦૧૩.

**વંચાણે લીધાઃ–**

(૧) કમાન્ડન્ટ જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુજરાત રાજય,અમદાવાદના પત્ર ક્રમાંકઃ કજ/એમટી/ નવી સેવા/ ૨૩૪/૯૪૦ થી ૯૪૧/૧૨, તા.૧૩/૧૨/૨૦૧૨.

(૨) કમાન્ડન્ટ જનરલશ્રી,હોમગાર્ડઝ,ગુ.રા.,અમદાવાદના પત્ર ક્રમાંકઃકજ/એમટી/ નવી સેવા/૨૩૪/ ૧૦૬ થી ૧૦૮/૧૩, તા.૦૨/૦૩/૨૦૧૩

**ઠરાવ :–**

ડાયરેકટર જનરલશ્રી, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ,ગુજરાત રાજય, અમદાવાદ તરીકે ફરજ બજાવતા અધિકારી માટે વર્ષ ૨૦૧૩–૧૪ની નવી સેવા તરીકે રજૂ કરેલ નવુ વાહન રૂા.૭,૦૦,૦૦૦/– (અંકે રુપિયા સાત લાખ પુરા) ના અંદાજિત ખર્ચે ખરીદ કરવા આમુખમાં દર્શાવેલ ડાયરેકટર જનરલશ્રી, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, અમદાવાદના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી. પ્રસ્તુત બાબતે કાળજીપૂર્વકની વિચારણા બાદ તેઓના હોદાને અનુરૂપ Maruti SX4 વાતાનુકૂલિત પ્રકારનું વાહન અનુક્રમે ૨૫% કેન્દ્ર સરકારનો હિસ્સો રૂા.૧,૭૫,૦૦૦/ (નોન પ્લાન) અને ૭૫% રાજય સરકારના હિસ્સા મુજબ રૂા.૫,૨૫,૦૦૦/ (પ્લાન) હેઠળ મળી એમ કુલ રૂા.૭,૦૦,૦૦૦/– (અંકે રુપિયા સાત લાખ પુરા)ની મર્યાદામાં રહીને નીચેની શરતોને આધિન ખરીદ કરવાની આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ મંજુરી અન્વયે ડાયરેકટર જનરલશ્રી, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ,ગુજરાત રાજય, અમદાવાદના ઉપયોગ માટે હાલનું વાહન કન્ડમ કરવાનું રહેશે. નવા વાહનની ખરીદી કન્ડમ કરેલ વાહન સામે કરવાની હોઈ કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રિયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

(૨) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ ૨૦૧૩–૧૪ના અંદાજપત્રિય જોગવાઈ અને નાણા વિભાગ ધ્વારા વખતો–વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારની સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં, અને બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) વાહનની ખરીદી બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ જીટીએસ/૧૦૨૦૦૬/યુઓ ૮/ધની જોગવાઈ અને શરતોને અનુસરીને નાણાકીય વર્ષ ૨૦૧૩ ૧૪ દરમ્યાન કરવાની રહેશે.

(૭) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ના ઠરાવમાં દર્શાવેલ પ્રકાર સિવાયનું વાહન ખરીદવાનું હોય તો બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અભિપ્રાય સહિતની દરખાસ્ત સાથે નાણા વિભાગ, કરકસર પ્રભાગની મંજુરી મેળવવાની રહેશે.

(૮) બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૪/૦૯/૨૦૦૮ના ઠરાવ પ્રમાણે ખરીદેલ વાહન પેટ્રોલ સંચાલિત હોય તો તેને સીએનજીમાં રૂપાંતર કરાવવા અંગે ગૃહ વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

(૯) આ યોજના અંગેનું ખર્ચ તા.૧/૦૪/૨૦૧૩ બાદ કરવાનું રહેશે.

૨//. આ અંગેનો થનાર ખર્ચ નીચે જણાવેલ વિગતે ગૃહરક્ષક દળના સદરે સને ૨૦૧૩–૧૪ ના અંદાજપત્રમાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | માંગણી નંબર | ૪૬ |
| ૨. | મુખ્ય સદર | ૨૦૭૦ અન્ય વહીવટી સેવાઓ |
| ૩. | પેટા મુખ્ય સદર | ૦૦ |
| ૪. | ગૌણ સદર | ૧૦૭– ગૃહ રક્ષક દળ |
| ૫. | પેટા સદર | (૦૧) ગૃહ રક્ષક દળ |
| ૬. | ખર્ચનો પ્રકાર | ૭૫ % પ્લાન / ૨૫ % નોન પ્લાન |
| ૭. | ખર્ચનું હેડ ચાર્જેબલ | ૨૦૭૦ ૦૦ ૧૦૭ ૦૧ |
| ૮. | પ્લાન યોજનાનો કોર્ડ | ૧૧૪૫૨૫ |

૩. આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્ર સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગની તા.૨૮/૦૩/૨૦૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેછે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઉમેશ શર્મા)
સેકશન અધિકારી
ગૃહવિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ,ગુજરાત રાજય,લાલ દરવાજા,અમદાવાદ.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(ગૃહ) નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/ રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,અમદાવાદ.
- સેકશન અધિકારીશ્રી(બજેટ શાખા)ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
- સિલેકટ ફાઈલ.